ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૯ ટકા

# દિગંબર જૈન સમાજના મહાપર્વ પર્યુષણનું શ્રધ્ધાપૂર્ણ સમાપન

## આશરે ૩૫ જેટલાં શ્રધ્ધાળુઓએ વિવિધ તપ-ઉપવાસ કર્યા : આ વર્ષે સામુહિક પારણાં અને શોભાયાત્રા મુલત્વી રખાઈ

ગાંધીનગર, તા.૨
શહેરમાં ગઈ કાલે દિગંબર જૈન સમાજના મહાપર્વ પર્યુષણ પર્વનું સમાપન થયું હતું. આજે દિગંબર જૈન શ્રધ્ધાળુઓએ એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવ્યા હતા. આ સાથે આજે ઉપવાસી તપસ્વી ભાવિકોના પારણાં પણ યોજાયા હતા.

ગાંધીનગરમાં સેકટર-૨૧માં દિગંબર દૈન મંદિર ખાતે સ્વાધ્વીજી સંઘની ઉપસ્થિતિમાં ગઈકાલે સાંજે ઉપવાસી તપસ્વીઓના મહા પ્રતિક્રમણ સાથે પર્યુષણ પર્વનું સમાપન થયું હતું. દર વર્ષે મંદિરમાં યોજાતા સામુહિક પ્રતિક્રમણના સ્થાને માત્ર ઉપવાસી તપસ્વીઓએ જ મંદિરમાં પ્રતિક્રમણ કર્યા હતા. જયારે બાકીના જૈન શ્રધ્ધાળુઓએ પોત પોતાના ઘરે રહીને પ્રતિક્રમણ કર્યા હતા. આ વર્ષે કોવિડ-૧૯ મહામારીના પગલે આ પ્રકારના ફેરફારો જોવા મળી રહ્યા છે. આ વર્ષે પર્યુષણના સમાપન બાદ યોજાતી પ્રભુજીની શોભાયાત્રા પણ મોકુફ રાખવામાં આવી છે. આ વર્ષે આશરે ૩૫ જેટલાં તપસ્વીઓએ વિવિધ તપ-ઉપવાસ કર્યા હતા. જેમાં એકાસણથી માંડીને ૧૦, ૧૬, અને ૩૨ ઉપવાસ સહિતના વિવિધ તપનો સમાવેશ થાય છે. દરેક ઉપવાસી તપસ્વીઓના પારણાં તેમના ઘરે જ યોજાયા હતા જેના કારણે દર વર્ષે સે-૨૧ના જૈન મંદિરમાં યોજાતી સામુહિક પારણાંની પરંપરા આ વર્ષે તુટી હતી.




### કોણે કેટલા ઉપવાસ કર્યા ?

ગાંધીનગર દિગંબર જૈન સમાજના અમીષાબેન પિયુષકુમાર શાહ અને જિજ્ઞાબેન જયેશકુમાર કોટડિયાએ ૩૨ ઉપવાસ કર્યા હતા જયારે સાધનાબેન સુરેશભાઈ દોશી, સુરેશભાઈ દોશી અને શિલ્પાબેન દિલીપભાઈ શાહે ૧૬ ઉપવાસ કર્યા હતા. આ ઉપરાંત રીટાબેન નીતિનકુમાર શાહ, ઉર્વશી ધવલભાઈ શાહ અને પેથાપુરના વીણાબેન તેજપાલ શાહે સોલશકારણ વ્રત કર્યું હતું જયારે અન્ય ૧૬ શ્રધ્ધાળુઓએ ૧૦ ઉપવાસ તથા ૧૧ શ્રધ્ધાળુઓએ દસ લક્ષણી ઉપવાસ કર્યા હતા.

# ઓનલાઈન બેંક ટ્રાન્સફરમાં એરરથી નગરજનો પરેશાન

## જમા આપનારના ખાતામાંથી પૈસા ડેબિટ થઈ જાય છે પણ લેનારના ખાતામાં પૈસા ક્રેડીટ થતા નથી અને જો ટ્રાન્ઝેકશન ફેઈલ જાય તો જમા આપનારના ખાતામાં પૈસા પાછા પણ જતા નથી તો ટ્રાન્ઝેકશનમાં આવેલા પૈસા જાય છે કયાં તે મોટો પ્રશ્ન છે

ગાંધીનગર, તા.૨
ઈન્ટરનેટ વગર હાલ કોઈ પણ ચલાવી શકે તેમ નથી ત્યારે નગરજનોના અડધા કામ પણ ઈન્ટરનેટના માધ્યમથી થાય છે અને બેકિંગ રીલેટેડ મોટા ભાગના પેમેન્ટ પણ હવે ઓનલાઈન ટ્રાન્ઝેકશનથી થઈ જાય છે અને સરકાર દ્વારા પણ ભીમ યુપીઆઈનો યુઝ કરવા માટે ભાર મુકવામાં આવ્યો છે. પેટીએમ, ગુગલ-પે, ફોન-પે, ભીમ યુપીઆઈ એપ્લીકેશન, એમેઝોન-પેમાં કસ્ટમર પોતાનું આધાર કાર્ડ સાથે બેંક લીંક કરાવી ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી શકે છે. હવે એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવું પણ એટલું જ સરળ બન્યું છે. ૨૪ કલાકમાં ગમે ત્યારે એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા ટ્રાન્સફર થઈ શકે છે ત્યારે હાલના દિવસોમાં ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરવામાં એરર આવી રહી છે. જયારે બેકમાં પુછતા બેંકમાંથી સરખો જવાબ મળતો નથી. ત્રણ દિવસ સુધી પેમેન્ટ અટકી જાય છે અને જરૂરિયાતમંદ માણસ પૈસા વગરનો જ રહી જાય છે. ૩ દિવસ બાદ પણ જે તે બેંકમાં પુછતા પૈસા જમા થયાનું સ્ટેટસ મળતું નથી. આ તમામ ઓનલાઈન બાબતોની વચ્ચે સામાન્ય નાગરિક ફસાઈ જાય છે અને પૈસા વગર નાસીપાસ થઈ જાય છે. હવે જો બેંકની વેબસાઈટ મેઈન્ટેનન્સમાં જાય તો બેંક એ જાણ કરવી જોઈએ તેવું નગરજનોનું કહેવું છે. જો જમા આપનારના ખાતામાંથી પૈસા ડેબીટ થઈ જાય છે અને જમા લેનારના ખાતામાં પૈસા ક્રેડીટ થતા નથી તો પૈસા જાય છે કયાં? આ એક મોટો પ્રશ્ન છે.









સેકટર-૧૬માં બેંક વિસ્તારમાં વાહનો માટે પાર્કિંગ સ્પેસ બનાવવામાં આવી છે. જો કે આ જગ્યામાં પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી અહીં વરસાદી પાણી ભરાઈ રહે છે. સતત પાણી ભરાઈ રહેતા અહીં લીલ જામી ગઈ છે. અહીં મચ્છરોના ઉપદ્રવ થવાની શકયતા હોઈ મનપાના ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધલે જાતે ઉભા રહી સફાઈ કર્મીઓ મારફતે અહીં સફાઈ કરાવી હતી. સફાઈ બાદ ડીડીટી પાવડરનો છંટકાવ પણ કરાવ્યો હતો.

# પૂજન ડાન્સ એકેડેમી દ્વારા મેરા ટેલેન્ટ મેરી વિરાસત ઓનલાઈન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨
પૂજન ડાન્સ એકેડેમી દ્વારા મેરા ટેલેન્ટ મેરી વિરાસત ૨૦૨૦ ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ડાન્સ, એકટીંગ, મોડલીગ, સિંગીંગ, હેન્ડ રાઈટીંગ, ડ્રોઈંગ જેવી અલગ અલગ કેટેગરી રાખવામાં આવી હતી. જેમાં ૧૨૦ જેટલા સ્પર્ધકોએ ઓનલાઈન દિલ્હી, મોમ્બે, મહારાષ્ટ્ર, બરોડા, સુરત, વલસાડ, અમદાવાદ, ગાંધીનગરથી ભાગ લીધો હતો.

સંસ્થાના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા તમામ સ્પર્ધકોને યુ ટયુબ અને ઈન્સ્ટાગ્રામ પર ડીજીટલ પ્લેટફોર્મ પુરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દરેક કલાકારોને પોતાની પહેચાન અપાવવા માટેનો હતો. તમામ સ્પર્ધકોએ પોતપોતાના ટેલેન્ટના વિડિયો સંસ્થાને મોકલ્યા હતા જે સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવ્યા હતા. તમામ સ્પર્ધકોમાંથી બે શ્રેષ્ઠ સ્પર્ધકોને પબ્લીક વોટીંગ અને કમેન્ટના આધારે ઈનામ અપાયા હતા તથા ૨૪ શ્રેષ્ઠ સ્પર્ધકોને ઈનામ તેમના ટેલેન્ટના આધારે આપવામાં આવ્યા હતા. ઉપરાંત બાળકોને મોટીવેશન મળે તે ઉદ્દેશ્યથી ૧૨ જેટલા આશ્વાસન ઈનામ પણ અપાયા હતા. મુખ્ય વિજેતાઓને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું પરિણામ યુ ટયુબ પર ઓનલાઈન પ્રસારિત કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે રવિ લીલા રહ્યા હતા. આ ઈવેન્ટમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના પ્રદીપભાઈ ગગલાણીનો મહત્વનો ફાળો રહ્યો હતો. સાથે સ્પર્ધાના આયોજનમાં વિશ્વાસ પટેલ, નિહાર સુથાર, સ્મિત પટેલ, જય પટેલ, રૂપેશભાઈ ગજ્જરનો પણ ફાળો રહ્યો હતો. સંસ્થાના સંચાલક વધુમાં જણાવે છે કે બાળકોની સ્પર્ધાનું રિઝલ્ટ ૧૫મી સપ્ટેમ્બરના રોજ જાહેર કરાશે.



સેક્ટર-૪-ડી રીંગ રોડ ઉપર તંત્ર દ્વારા કરાયેલા ખોદકામ પછી સરખું પુરાણ ન કરાતાં ચોમાસામાં પોચી જમીનમાં ભુવા પડી જવા સાથે પાણી ભરાઈ જતાં મચ્છર અને રોગચાળાનો ભય સર્જાયો છે. રીંગ રોડ પરના રહેવાસીઓ ઘર આગળ જ આ પરિસ્થિતિને લીધે ચાલીને કે વાહન લઈને ઘર બહાર નીકળવામાં પણ જોખમ અનુભવે છે. તંત્રના અધિકારીઓ આ ફરિયાદ નિવારણ માટે સત્વરે કાર્યવાહી કરાવી રાહત આપે એવી તીવ્ર માંગણી ઊઠી છે.

# ધોળાકુવા દારૂ કેસમાં કોન્સ્ટેબલની સંડોવણીની શંકાને આધારે તપાસ

ગાંધીનગર, તા.૨
ગાંધીનગર શહેરના પાદરે આવેલા ધોળાકુવા ગામથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. ધોળાકુવા ગામના નામચીન બુટલેગર મુકેશ ઠાકોરના દારુના વેચાણ પર એલસીબી-૨ પોલીસ ત્રાટકી હતી. બલરામ આશ્રમ હોસ્ટેલની પાછળની બાજુ મારૂતિમાં દારૂ સંતાડી રાખીને મુકેશ ઠાકોર ત્યાંથી વેચાણ કરતો હતો. એલસીબી-૨ એ મારુતિવાનમાંથી ૧૬૨ વિદેશી દારૂની પકડી પાડી હતી. પોલીસે રૂ. ૧૪,૫૦૪ ની કિંમતની દારુની ૧૬૨ બોટલ અને રૂ.૧ લાખની કાર મળી કુલ રૂ.૧,૧૪,૫૦૪ નો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી હતી.

ત્યારે અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ સમગ્ર કેસની ચાલી રહેલી તપાસમાં ઈન્ફોસીટી પોલીસ મથકના એક કોન્સ્ટેબલની વિવાદાસ્પદ ભુમિકા હોવાનું લાગી રહ્યું છે. આ કેસમાં પોલીસે આરોપીના કોલ ડિટેઈલ સહિતની તપાસ શરુ કરી છે. પોલીસ બેડામાં થતી ચર્ચા મુજબ પહેલા પણ એક પોલીસ મથકમાં દારૂ સગેવગે કરવામાં આ પોલીસ કોન્સ્ટબલનું નામ ચર્ચાતા તેની બદલી એસપી કચેરી ખાતે કરાઈ હતી. ત્યારબાદ ઈન્ફોસીટી પોલીસ મથક ખાતે કોન્સ્ટેબલને ફરજ પર મુકવામાં આવ્યો હતો. ત્યારે બીજીવાર શંકાસ્પદ ભુમિકાને પગલે કોન્સ્ટેબલ સામે આંતરીક તપાસ શરુ થઈ હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.



હાલમાં શાકભાજીની તુલનાએ ફળો સસ્તા લાગે છે. પેરુ, સફરજન, મોસંબી જેવા ફળો હાલમાં ભરપૂર માત્રામાં બજારમાં આવી રહ્યા છે. શાકમાર્કેટમાં શાકભાજી કરતાં ફળો વધુ જોવા મળી રહ્યા છે. સફરજનની અધધ આવક વચ્ચે માર્ગોની આસપાસ સફરજન ભરેલાં ટ્રક જોવા મળી રહ્યા છે. રાહદારીઓ મોટા પ્રમાણમાં તેની ખરીદી કરી રહ્યા છે.

# ગોકુલપુરા પાસે કાર રીક્ષા વચ્ચે અકસ્માત

શહેરના ક-૫ સર્કલથી વાવોલ તરફ જવાના માર્ગ પર ગોગા મહારાજના મંદિર સામે ગઈકાલે સાંજના સુમારે કાર-રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારએ રીક્ષાને ટક્કર મારતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. આ બનાવમાં રીક્ષા ચાલકને ઈજા પહોંચી હતી. રીક્ષા ચાલકને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા આંગળીમાં ફ્રેકચર થયાનું સામે આવ્યું છે. બનાવ અંગે રીક્ષા ચાલકની ફરીયાદ લઈ પોલીસે ફરાર કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ ચાંદખેડા ઠાકોરવાસ ખાતે રહેતા બળવંતજી મહોતજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવીંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ આવન-જાવન માટે જી.જે.૦૧.ટી.ડી.-૬૭૯૫ રીક્ષાનો ઉપયોગ કરુ છું. ત્યાર ગત તા.૩૦ ના રોજ હું મારી રીક્ષા લઈને મારા કાકાના દિકરા અશોકજી વાઘાજી ઠાકોર માણસા ખાતે સંબંધીના ઘરે ગયા હતા. ખબર અંતર પુછીને પરત આવી રહ્યા હતા. તે સમયે ક-૫ થી વાવોલ તરફના માર્ગ પર ગોગા મહારાજના મંદિર સામે પાછળથી પુરઝડપે આવી રહેલી કાર નં. જી. જે. ૧૮. એ. ઝેડ. -૯૩૪૧ ના ચાલકે પાછળથી રીક્ષાને ટક્કર મારતા રીક્ષા પલટી મારી ગઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો આવી પહોંચ્યા હતા અને રીક્ષા સીધી કરીને ફરીયાદી તેમજ તેમના પિતરાઈ ભાઈને બહાર નીકાળ્યા હતા. ત્યારબાદ શરીરે તેમજ હાથે પગે ઈજા પહોંચતા તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયાં હાથના અંગુઠા પર ફ્રેકચરનું નિદાન થયું હતું. બનવા અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફરાર કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# મનપામાં સમાવેશ પછી ઠપ્પ વાવોલ ગામમાં મહત્વની કામગીરી ફરી શરૂ થઇ

## જોકે ગ્રામ પંચાયતના કર્મચારીઓને મનપાના સ્ટાફમાં સમાવાશે કે કેમ તે અંગે દ્વિધાની સ્થિતિથી કર્મચારીઓનું ભાવિ અધ્ધરતાલ

ગાંધીનગર, તા.૨
વાવોલ ગામનો ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ થયા બાદ ગ્રામ પંચાયત કચેરીએ મહેસુલી તેમજ અન્ય પ્રજાલક્ષી કારકુની કાર્યો અટકાવી દેવામાં આવ્યાં હતા. આ કારણે વાવોલના ગામ વિસ્તાર અને સોસાયટી વિસ્તારમાં રહેતા વસાહતીઓને મકાનવેરાથી માંડીને આવકના દાખલા સહિતના વિવિધ કાર્યો માટે અગવડ પડી રહી હતી. જો કે હવે વાવોલ ગામ પંચાયત કચેરી ખાતેથી મનપા દ્વારા આ કાર્યો પુનઃ શરૂ કરી દેવાતાં નાગરિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ વાવોલ ગ્રામ પંચાયતના કર્મચારીઓને મનપાના સ્ટાફમાં સમાવાશે કે કેમ તે અંગે દ્વિધાની સ્થિતિથી કર્મચારીઓનું ભાવિ અધ્ધરતાલ બન્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં વાવોલ સહિતના ૧૮ ગામોનો તાજેતરમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને તે સાથે જ આ તમામ ગામોની પંચાયતને સુશુપ્ત કરી દેવામાં આવી છે. આ સાથે નાગરિકો માટે મહત્વના કાર્યો પણ અટકી જવા પામ્યાં હતા જેમાં મિલકત વેરો લેવાની કામગીરી, આવક ના દાખલા, રેશનીંગ કાર્ડમાં ખરાઈ કરવાની, એમજ વીજળીના બીલ, ગેસ બીલો, વારસાઈ તથા પેઢીનામું જેવી પાયાની કામગીરીને લગતાં કામો ફરી શરૂ કરી દેવામાં આવ્યાં છે. આ કામ માટે રેવન્યુ તલાટી કપીલભાઈ દેસાઈને જવાબદારી સોંપવામાં આવી છે અને તે સાથે અનિલભાઈ ચૌધરીને પણ વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત ગામમાં સફાઈ પીવાનું પાણી વગેરે પ્રશ્નોનો સમયસર ઉકેલ લાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગામના સરપંચ નગીનભાઈ નાડિયાએ જણાવ્યું છે કે મનપા દ્વારા હજુ પણ ગ્રામ પંચાયતના કર્મચારીઓ અંગે મગનું નામ મરી પાડવામાં આવતું નથી અને ગ્રામ પંચાયત પાસેથી તમામ પ્રકારના ખર્ચની સત્તા લઈ લેવામાં આવી હોવાથી તેમના ચુકવવાના બાકી છે જે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નથી ચુકવવામાં આવતા કે નથી પંચાયતને તે ચુકવવાની મંજૂરી આપવામાં આવતી. આ કારણે કર્મચારીઓ આ મોંઘવારીમાં મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ ગયાં છે. વળી, ગ્રામ પંચાયતના કર્મચારીઓને મનપાના સ્ટાફ તરીકે સમાવી લેવાશે કે કેમ તે અંગે પણ કોઈ સત્તાવાર લેખિત નિર્ણય કે ખુલાસો કરવામાં આવ્યો નથી તેથી દ્વિધા સાથે આ કર્મચારીઓનું ભાવિ અધ્ધરતાલ બન્યું છે. આ બાબતે મનપા તરફથી ઝડપથી નિર્ણય લેવાય તે જ જરૂરી બન્યું છે.

# ગાંધીનગર ભાવસાર સમાજની સામાન્ય સભા યોજાઈ




ગાંધીનગરની સચિવાલય કેન્ટીન ખાતે આજે ભાવસાર સમાજની સામાન્ય સભા યોજવામાં આવી હતી. જેમાં પ્રમુખ મહેન્દ્રભાઈ ભાવસાર તથા મંત્રી જયપ્રકાશભાઈના આમંત્રણને માન આપી ગુજરાત ભાવસાર સમાજના ટ્રસ્ટી તથા 'ભાવસાર વિઝન ઈન્ડિયા'ના ગુજરાત ઝોનના ગવર્નર ગીરીશભાઈ ભાવસાર, વિઝનના પ્રમુખ હસમુખભાઈ તથા અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે સમાજના આગામી શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ તથા વિઝન દ્વારા હાથ ધરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

### ચિરવિદાય

- સ્વ. પટેલ શાંતાબેન બબલદાસ, ઉ.વ. ૮૦, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી દિલીપકુમાર બચુજી, ઉ.વ. ૩૨, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. નટવરભાઈ મનસુખભાઈ સુથાર, ઉ.વ. ૮૪, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ જીવણભાઈ અંબાલાલ, ઉ.વ. ૭૩, ધોળાકુવા, તા.માણસા
- સ્વ. પટેલ ડાહ્યાભાઈ કચરાભાઈ, ઉ.વ. ૭૮, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. સલાટ ઉજીબેન બાબુજી, મુ. કાંઠા, તા. કલોલ
- સ્વ. હસમુખભાઈ ચીમનલાલ રામી, ઉ.વ. ૭૨, મુ.કડી, જી. મહેસાણા
- સ્વ. રસિકભાઈ ડાહ્યાલાલ મિસ્ત્રી, ઉ.વ. ૮૨, રીદ્રોલ, તા. માણસા
- સ્વ. ભડિયાદ્રા પ્રકાશ બટુકલાલ, ઉ.વ. ૫૭, સેકટર-૨૯, ગાંધીનગર